ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી, જીઆઈડીસી
નવસર્જન બિલ્ડીંગ, ગોંડલ રોડ, રાજકોટ
ફોન નં. ૦૨૮૧-૨૩૬૨૭૦૧
Web:- www.gidc.gov.in
ઈમેલ: se-rjt@gidcgujraat.org

## ભયજનક મકાનો બાબતે તાકીદની જાહેર ચેતવણી.

આથી રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ તથા કચ્છ-ભુજ જીલ્લાની તમામ જીઆઇડીસી વસાહતોમાં આવેલ ક્વાટર્સ તથા અન્ય તમામ મકાનોમાં રહેતા કે મકાનોનો ઉપયોગ કરતા તથા હિત ધરાવતા તમામ તેમજ ઔદ્યોગિક/વાણિજ્ય/રહેણાંક પ્લોટોના ફાળવણીદારોને કે જેમના પ્લોટોમાં જર્જરીત મકાનો આવેલ હોય તેઓને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, ચોમાસાની ઋતુ દરમ્યાન જુના/બિસ્માર અથવા બીજા કોઇ કારણોસર ક્ષતિગ્રસ્ત થયેલ મકાનો/મિલ્કતો તૂટી પડવાના, બેસી જવાના કે અકસ્માત થવાના બનાવો બનતા હોય છે. જેથી આવા ક્વાટર્સ/મકાનોનો ભયજનક ભાગ રીપેર કરાવી લેવા અથવા દુર કરવા જે તે મિલ્કતદારોને વિનંતી કરવામાં આવે છે. તેમજ જર્જરીત/ભયજનક ક્વાટર્સ/મકાનો તાત્કાલિક ખાલી કરી સલામત સ્થળે ખસી જવા આથી જણાવવામાં આવે છે. આવા ભયજનક ક્વાટર્સ/મકાનોમા કોઇપણ વ્યક્તિએ પ્રવેશ કરવો નહિ. વસવાટ કે અન્ય ઉપયોગ કરવો નહિ તેમજ આવા ભયજનક જણાતા ક્વાટર્સ/મકાનોની આસપાસ અવર-જવર કરવી નહિ તથા આજુબાજુના મકાનોના ઉપયોગકર્તાઓએ સાવચેતીના ભાગરૂપે કાળજી રાખવી. જો ચોમાસા દરમ્યાન આવા ક્વાટર્સ/મકાનોમા કોઇપણ જાતની દુર્ઘટનાને કારણે કોઇપણ જાતનુ માલ-મિલ્કતને નુકશાન થાય કે જાનહાની થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે માલિક/ભોગવટો કરનારની રહેશે.

અધિક્ષક ઇજનેરશ્રી,
જી.આઈ.ડી.સી.,રાજકોટ

માહીતી/રાજા/